
# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ ❀ અંક-૧ ❀ સપ્ટેમ્બર, ૨૦૧૨



જડ અને ચૈતન્ય બધા દ્રવ્યની જે પર્યાય જે કાળે જેમ થવાની તેમ જ થાય, આગળ-પાછળ ન થાય. આ વાત બેસે કોને? અને કોને બેઠી કહેવાય? ભાઈ! ક્રમબદ્ધમાં તો આત્માનો 'જ્ઞ' સ્વભાવ સાબિત થાય છે. કોઈનું કરવું કે પોતાની પર્યાયનું કરવું એ 'જ્ઞ' સ્વભાવમાં નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ યહ આત્મા જિસ પ્રકાર કામ ઔર અર્થકે લિયે અવિશ્રાંત પરિશ્રમ કરતા હૈ ઉસ પ્રકાર યદિ આપ સ્વાર્થ અર્થાત્ મોક્ષ વા મોક્ષમાર્ગમેં લાલસારહિત પ્રવૃત્તિ કરૈ તૌ ક્યા યહ કર્મોંસે મુક્ત ન હો? અવશ્ય હી હો. ૧૨૯૧.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૧, શ્લોક–૨૭)*

❀ હે વત્સ! બહુ પઢવાથી શું છે? તું એવી જ્ઞાનચિનગારી પ્રગટાવતાં શીખ કે જે પ્રજ્વલિત થતાં જ પુણ્ય અને પાપને ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાખે. ૧૨૯૨.

*(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૮૭)*

❀ જે શ્રાવકે જ્યાં ત્યાં દોડવાવાળા મનને વશ કર્યું છે તેણે સંતોષરૂપ અમૃતને પ્રાપ્ત કરીને ક્યા સુખને પ્રાપ્ત કર્યું નથી? અર્થાત્ સંતોષની પ્રાપ્તિ થવાથી તેણે સર્વ પ્રકારના સુખને પ્રાપ્ત કર્યું છે. કારણ કે ખરેખર સંતોષ એ જ સુખ છે અને અસંતોષ એ જ દુઃખ છે. ૧૨૯૩. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, ગાથા–૭૯૫)*

❀ ગુરુ મહારાજ બડે ગંભીર હૈં. ગુરુને અનંતજ્ઞાનકા ભેદ પા લિયા હૈ. ગુરુ મહારાજ પ્રકાશનીય સમ્યગ્દર્શનકા સ્વરૂપ દિખાતે હૈં. ગુરુને અપને શબ્દોંમેં અમૃત-રસ મિલા દિયા હૈ. અર્થાત્ ગુરુકે આત્મપ્રતીતિ કરાનેવાલે વચનોંકો સુનકર શ્રોતાઓંકે ભીતર આનંદરૂપી અમૃતરસકા સ્વાદ આ જાતા હૈ. ગુરુકે વચન સર્વ ભયકો દૂર કરનેવાલે હૈં તથા શાંતિમય હૈં. ૧૨૯૪. *(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું–૧૬)*

❀ સંસારરૂપી ઘટીયંત્રમાં એક પાટલી સમાન એક વિપત્તિ દૂર કરાય તે પહેલાં તો બીજી ઘણી વિપત્તિઓ સામે ઉપસ્થિત થાય છે. ૧૨૯૫.

*(શ્રી પૂજ્યપાદ આચાર્ય, ઈષ્ટોપદેશ, ગાથા-૧૨)*

❀ શાસ્ત્રજ્ઞાનકા ઉત્તમ ફલ વૈરાગ્ય હૈ ઐસા બુદ્ધિમાનોંને કહા હૈ. ઉસ શાસ્ત્રજ્ઞાનસે જો કોઈ ધનકી ચાહના કરતે હૈં વે તો અમૃત પીકર વિષકી ચાહ કરતે હૈં. ૧૨૯૬. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૦૮)*

❀ મુક્તિ તો તે જીવની દાસી છે કે જે આત્મતત્ત્વને એકચિત્તે નિઃશંકપણે જાણે છે અને અન્ય મિથ્યાવાદ સાંભળવામાં આકર્ષક લાગે તોપણ તેનાથી તે ભરમાતો નથી કે મદમાતો (વિષયાસક્ત) થતો નથી. ૧૨૯૭. *(શ્રી નેમીશ્વર વચનામૃત-શતક, શ્લોક-૮)*

વર્ષ-૭

અંક-૧




સંવત
૨૦૬૮
September
A.D. 2012

### અક્કલ વિનાની નકલ—

# આત્મ-અનુભવ વિના બાહ્ય ચારિત્ર હોવા છતાં અવ્રતી!

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં. ૧૪૬)

આ, શ્રી સમયસાર નાટકનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. ૪૮મો કળશ છે, તેના ઉપર ૧૧૯મુ પદ્ય છે. તેમાં કહે છે કે 'આત્મ-અનુભવ વિના બાહ્ય ચારિત્ર હોવા છતાં જીવ અવ્રતી છે.'

केई मिथ्याद्रष्टि जीव धरै जिनमुद्रा भेष,
क्रियामैं मगन रहैं कहैं हम जती हैं।
अतुल अखंड मल रहित सदा उदोत,
ऐसे ग्यान भावसौं विमुख मूढमती हैं।।
आगम संभाले दोस टालैं विवहार भालैं,
पालै व्रत जदपि तथापि अविरती हैं।
आपुकौं कहावै मोख मारगके अधिकारी,
मोखसौं सदीव रुष्ट दुष्ट दुरमती हैं।।११९।।

અર્થ :—કેટલાક મિથ્યાદ્રષ્ટિજીવ જિનલિંગ ધારણ કરીને શુભાચારમાં લાગ્યા રહે છે અને કહે છે કે અમે સાધુ છીએ, તે મૂર્ખ અનુપમ, અખંડ, અમલ, અવિનાશી અને સદા પ્રકાશવાન એવા જ્ઞાનભાવથી સદા પરાંગમુખ છે. જોકે તેઓ સિદ્ધાંતનું અધ્યયન કરે છે, નિર્દોષ આહાર-વિહાર કરે છે અને વ્રતોનું પાલન કરે છે તોપણ અવ્રતી છે. તેઓ પોતાને

મોક્ષમાર્ગના અધિકારી કહે છે, પરંતુ તે દુષ્ટો મોક્ષમાર્ગથી વિમુખ છે અને દુર્મતિ છે.

જેને સ્વરૂપની અનુભૂતિ તો નથી અને જિનલિંગ ધારણ કરીને શુભાચારમાં લાગ્યા રહે છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય આદિ શુભરાગમાં મગ્ન રહે છે અને કહે છે કે અમે સાધુ છીએ પણ તે પોતાના જ્ઞાયકભાવથી કે જેને કોઈની ઉપમા લાગુ પડતી નથી એવા અનુપમ, મલરહિત, અખંડ અવિનાશી સદા ઉદ્યોતરૂપ સત્ ચિદાનંદ જ્ઞાયકભાવથી તો સદાય વિમુખ એવો મૂઢમતિ છે કેમ કે તેને નિજ સ્વભાવની દૃષ્ટિ નથી, નિજસ્વભાવનું જ્ઞાન નથી અને નિજસ્વભાવનું વેદન નથી, માત્ર દયા-દાન-વ્રત-ભક્તિ આદિ શુભરાગનું વેદન છે, તેમાં સાધુપણું માને છે તે મૂઢમતિ-મૂરખ છે.

દેવ કેવા હોય, ગુરુ કેવા હોય, દેવ શું કહે છે, ધર્મ કેમ પ્રગટ થાય તેની તો ખબર ન હોય અને વ્રત પાળવા, ઉપવાસ કરવા અને ભૂખે મરવું તેમાં જ ધર્મ માને છે તે મૂઢમતિ છે. જ્ઞાનસ્વભાવથી તે વિમુખ છે. નિજાનંદ ચિદાનંદપ્રભુ તો રાગની ક્રિયાથી તદ્દન વિમુખ છે. તેની દૃષ્ટિ વગર એકલા વ્રત, તપ કર્યા કરે તે વ્રતી નથી પણ અવ્રતી છે.

आगम संभाले....શાસ્ત્ર ભણે, સિદ્ધાંતોનું અધ્યયન કરે તે પણ વિકલ્પ છે, રાગ છે. નિર્દોષ આહાર લે, પોતાના માટે બનાવેલું ભોજન લે નહિ, વ્યવહાર બરાબર પાળે, કાયાથી જાવજીવ બ્રહ્મચર્ય બરાબર પાળે તોપણ શું? એ તો રાગ છે, તે કાંઈ આત્માનો સ્વભાવ નથી. આમ, બહારની ક્રિયા તો બરાબર પાળે પણ પોતાના સ્વભાવની જ ખબર નથી તે વ્રતી નથી. જ્યાં દૃષ્ટિ મિથ્યા છે ત્યાં વ્રત કેવા! એ તો અવ્રતી છે—મૂઢ છે.

આગળ તંદુલનું દૃષ્ટાંત આપશે કે ચોખા અને ઉપરના છીલકા જેમ જુદાં છે તેમ આત્મા અને પંચમહાવ્રતાદિનો રાગ જુદાં છે. રાગ તો છીલકા સમાન છે.

સમ્યગ્દર્શન શું છે, તેનો આશ્રય કોણ છે, તે કેમ પ્રગટ થાય તેની તો હજી ખબર નથી અને વ્રતી થઈ જાય એ શ્રાવક નથી. અહીં તો કહે છે કે સાચા દેવ, સાચા ગુરુ અને સાચા શાસ્ત્રની શ્રદ્ધા હોય, પ્રાણ જાય તોપણ બીજાને માને નહિ એવી શ્રદ્ધા હોય તે પણ રાગ છે. આવી શ્રદ્ધા સહિત પંચમહાવ્રત પાળે, અચેલપણે ઊભા ઊભા એકવાર આહાર લે તે પણ સર્વદોષ રહિત નિર્દોષ હોય, જોઈને ચાલે, શાંતિથી ધીરજથી જીવઘાત ન થાય એ રીતે ઈર્યાસમિતિથી ચાલે....આવી ક્રિયા કરે પણ આનંદનો નાથ ભગવાન આત્મા સંસાર અને વ્યવહારથી ભિન્ન છે એવી દૃષ્ટિ વિના એ વ્રતધારી મૂરખ છે. આવો મારગ છે ભાઈ!

आपुकौं कहावैं मोख मारगके अधिकारी.... અમે તો સ્ત્રી, પુત્ર, ઘર-બાર, દુકાન-ધંધા બધું છોડીને વ્રતી થઈ ગયા છીએ, રિદ્ધિ-સિદ્ધિ બધું છોડી, દીક્ષા લઈ લીધી છે માટે અમે

તો મોક્ષમાર્ગના અધિકારી છીએ. ભાઈ! રિદ્ધિ–સિદ્ધિ તો પર જડવસ્તુ હતી એ તારી ક્યાં હતી કે તેં તેને છોડી! આત્મામાં પરનું ગ્રહણ અને ત્યાગ કરવાની શક્તિ જ નથી. આત્માનો અતીન્દ્રિય સ્વભાવ કેવો છે તેની ખબર વગર તું તને મોક્ષમાર્ગી માને છે તો તું દુષ્ટ અને દુર્મત છો. ચૈતન્ય ભગવાનની ખબર વગર એકલી ક્રિયાકાંડમાં મશગુલ રહે છે તે મૂરખ મિથ્યાદૃષ્ટિ અવ્રતી છે. મોક્ષમાર્ગી તો નથી પણ મોક્ષમાર્ગથી વિમુખ છે.

વળી,

**जैसें मुगध धान पहिचानै, तुष तंदुलको भेद न जानै।।**
**तैसै मूढमती विवहारी, लखै न बंध मोख गति न्यारी।।१२०।।**

અર્થ :—જેવી રીતે ભોળો મનુષ્ય અનાજને ઓળખે અને ફોતરાં તથા અનાજના દાણાનો ભેદ ન જાણે, તેવી જ રીતે બાહ્ય-ક્રિયામાં લીન રહેનાર અજ્ઞાની બંધ અને મોક્ષની ભિન્નતા જાણતો નથી.

બંધમાર્ગ અને મોક્ષમાર્ગ ભિન્ન છે. વ્રત અને તપ એ બધો બંધમાર્ગ છે, તેનાથી મોક્ષમાર્ગ ભિન્ન છે. પણ આ વાત જીવે કદી સાંભળી નથી અને વિચારવાની દરકાર પણ નથી.

તંદુલ અને ફોતરાનું આ દૃષ્ટાંત મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ આપ્યું છે કે એક મોટા ગૃહસ્થની સ્ત્રી ખાણિયામાં ચોખા ખાંડતી હતી. તો ઉપર ફોતરાં દેખાતા હતા અને ચોખા નીચે જતા હતા. એ તો દેખાતાં ન હતા તેને જોઈને બીજી સાધારણ સ્ત્રીને એમ થયું કે આ તો ફોતરાં ખાંડે છે તો લાવો આપણે પણ ફોતરાં ખાંડીએ તો! તેમ જ્ઞાનીને અંતરમાં પોતાના સ્વરૂપની દૃષ્ટિ છે એ તો માલ છે અને ઉપરથી વ્રતાદિ દેખાય છે એ તો ફોતરાં છે, તેને જોઈને અજ્ઞાની પણ વ્રતાદિ પાળવા લાગે છે કે આપણે ભગવાને પાળ્યા તેવા વ્રત-તપ પાળીએ તો આપણો મોક્ષ થઈ જશે.

કુંદકુંદાચાર્યે પણ પાંચ મહાવ્રત પાળ્યા હતા, ૨૮ મૂળગુણનું પાલન કરતાં હતા, નિર્દોષ આહાર લેતાં હતા, ભગવાનનાં દર્શન કરવા જતાં હતા પણ તેને ફોતરા સમાન હેય માનતાં હતા અને અંદરમાં અખંડાનંદ ચૈતન્યપ્રભુ અવલંબનથી જે દર્શન-જ્ઞાન પ્રગટ થયા હતા તેને જ મોક્ષમાર્ગ માનતા હતા. અંતરના ભાન વિના અજ્ઞાની બહારની ક્રિયાનું જ અનુકરણ કરે છે.

બીજું પણ દૃષ્ટાંત આવે છે કે જંગલમાં ઠંડીની ઋતુમાં એક માણસે લાકડા ભેગા કરીને તાપ કર્યો, તેને જોઈને વાંદરાને એમ થયું કે આ તો કેવી ચમક છે કે ગરમી આપે

છે! તેણે પણ લાકડાં ભેગા કર્યા પણ અગ્નિ કેમ થાય એ તો ખબર નથી એટલે જંગલમાં આગિયા ઉડતા હતા તેનું શરીર ચમકતું હોય એટલે તેને પકડી પકડીને લાકડામાં નાખવા લાગ્યા પણ તેથી કાંઈ અગ્નિ થતી હશે!! આમ, વાંદરો માણસની કોપી કરવા ગયો પણ તેને કાંઈ અગ્નિ હાથ ન લાગી, તેમ મૂરખ અજ્ઞાની જ્ઞાની-મુનિની કોપી કરવા જાય છે...અમે પણ મુનિઓની જેમ વ્રતાદિ પાળીએ છીએ....શુદ્ધ ભોજન કરીએ છીએ.... અરે! તમે તો રાગને પાળો છો તેમાંથી વીતરાગતા-ક્યાંથી આવશે!

तैसैं मूढमती व्यवहारी.....બાહ્ય ક્રિયામાં લીન રહેનારા અજ્ઞાની બંધ અને મોક્ષની પૃથક્કતાને સમજતા નથી.

રાગની દિશા પર તરફ છે, રાગ સ્વયં દુ:ખરૂપ છે અને તેના ફળમાં પણ દુ:ખ છે, જ્યારે મોક્ષમાર્ગની દિશા સ્વ તરફ છે, મોક્ષમાર્ગ વીતરાગ પરિણતિરૂપ સુખદાયી છે અને તેના ફળમાં મોક્ષ છે, આનંદ છે. આ ભિન્નતા અજ્ઞાની જાણતો નથી તે વાત વિશેષ કહે છે.

जे विवहारी मूढ़ नर, परजै बुद्धि जीव।
तिहिकौं बाहिज क्रियाविषै है अवलंब सदीव॥१२१॥

कुमति बाहिज दृष्टिसौं, बाहिज क्रिया करंत।
मानै मोख परंपरा, मनमैं हरष धरंत॥१२२॥

शुद्धातम अनुभौ कथा, कहै समकिती कोइ।
सो सुनिकैं तासौं कहे, यह सिवपंथ न होइ॥१२३॥

અર્થ :—જે વ્યવહારમાં લીન અને પર્યાયમાં જ અહંબુદ્ધિ કરનાર ભોળો મનુષ્ય છે તેમને હંમેશા બાહ્ય ક્રિયાકાંડનું જ બળ રહે છે. જે બહિર્દષ્ટિ અને અજ્ઞાની છે તેઓ બાહ્ય ચારિત્રને જ અંગીકાર કરે છે અને મનમાં પ્રસન્ન થઈને તેને મોક્ષમાર્ગ સમજે છે. જો કોઈ સમ્યગ્દષ્ટિ જીવ તે મિથ્યાત્વીઓ સાથે શુદ્ધ આત્મ-અનુભવની વાર્તા કરે તો તે સાંભળીને તેઓ કહે છે કે આ મોક્ષમાર્ગ નથી.

ત્રિકાળી અખંડાનંદપ્રભુ તો ઓઝલમાં રહી ગયો—તેની દષ્ટિ થઈ નહિ અને પર્યાયને જ આત્મા માને છે તે પર્યાયદષ્ટિ મિથ્યાદષ્ટિ છે. પર્યાય તો વ્યવહાર આત્મા છે. નિશ્ચય આત્મા તો ત્રિકાળ સહજાનંદ પરમેશ્વર પરમાત્મા ભગવતીમૂર્તિ, ભગવાન અનંત અનંત સંપદાનો સ્વામી છે. તે જ ખરેખર આત્મા છે. રાગ તે આત્મા નહિ, નિમિત્ત તે આત્મા નહિ અને એક સમયની પર્યાય પણ ખરો આત્મા નથી—વ્યવહાર આત્મા છે.

जे विवहारी मूढ़ नर...જે વ્યવહારમાં લીન છે, નિશ્ચયમાં અનારૂઢ છે અને વ્યવહારમાં મૂઢ છે તે ભોળા છે અર્થાત્ મૂરખ છે. લોકોમાં પણ જે કાંઈ જાણતો ન હોય તેને બીજા એમ કહે છે કે એ તો રાજા માણસ છે ભાઈ! એટલે કે મૂરખ છે. તેમ અહીં રાગ તે હું છું, રાગની ક્રિયા, શરીરની ક્રિયા મારી છે એમ માનનારા પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ મૂરખ છે. તેને તો રાગની ક્રિયાનું જ સદા અવલંબન છે એમ લાગે છે. ક્રિયા કરતાં કરતાં એક દિવસ બેડો પાર થઈ જશે એવી મૂઢ—મિથ્યા માન્યતામાં રાચે છે. બાહ્યદૃષ્ટિ અજ્ઞાની બાહ્યચારિત્ર પાળીને મનમાં પ્રસન્નતા અનુભવે છે કે હું મોક્ષમાર્ગી છું, તેને ક્રિયાકાંડનું જ બળ રહે છે. મેં તો આટલા ઉપવાસ કર્યા...આટલા તપ કર્યા...તેનાથી તરી જવાશે. અતુલ, અખંડ, અમલ એવી પોતાની વસ્તુને તો જાણતો નથી, તેનો અનુભવ થયો નથી અને દૃષ્ટિમાં પણ તેને લીધી નથી એવા અજ્ઞાની માને એ કે ક્રિયા કરતાં કરતાં મરીને સ્વર્ગમાં જઈશું, ત્યાંથી ભગવાન પાસે જઈશું....ભાઈ! અહીં ભગવાનની વાણી આવે છે તેને તો માનતો નથી તો તું ભગવાન પાસે કેવી રીતે જઈશ! ભગવાન પાસે ગયો તોપણ શું? ભવે ભવે જિન પૂજ્યા પણ ભગવાન જે કહે છે તે સમજ્યો નહિ તો તે ભગવાનને ઓળખ્યા જ નથી. પરમાત્મપ્રકાશમાં યોગીન્દુદેવે આ ગાથા મૂકી છે. સંતોએ તો ગજબ કામ કર્યાં છે. સમયસાર, પરમાત્મપ્રકાશ, પૂજ્યપાદસ્વામીનું સમાધિશતક...બધામાં ગજબ વાત છે. સમ્યગ્દર્શન શું છે તે બતાવનારા આ શાસ્ત્રો છે.

कुमति बाहिज दृष्टिसौं....બાહ્યદૃષ્ટિથી કુમતિ એમ માને છે કે બાહ્યક્રિયા કરવાથી પરંપરા મોક્ષ થઈ જશે, શુભભાવ કરો તો શુદ્ધભાવમાં જવાશે....એવી બધી માન્યતા જ પડી છે. અત્યારે પરમાત્માના વિરહ પડ્યા છે પણ માર્ગ તો જે હોય તે જ રહે. તેમાં ફેરફાર કે બચાવ ન ચાલે. માર્ગ તો જેમ છે તેમ જ શ્રદ્ધામાં લેવો જોઈએ. દશધર્મના વર્ણનમાં સ્વામિકાર્તિકેયે સત્યધર્મમાં આ વાત કહી છે કે માર્ગમાં કોઈ ચાલી ન શકે તો વાંધો નહિ પણ તેમાં બચાવ ન ચાલે કે આ કાળે માર્ગમાં શિથિલતા પણ ચાલે એમ ન હોય. સિદ્ધાંતમાં ફેરફાર ન ચાલે. અંતરમાં વીતરાગતા અને રાગની ઉપેક્ષા એવો ઉત્સર્ગ માર્ગ છે અને સાથે પંચમહાવ્રતાદિનો વિકલ્પ ઊઠવો તે અપવાદમાર્ગ છે.

માટે, ભાઈ! વસ્તુની સ્થિતિ જેમ છે તેમ રાખો! બચાવ ન કરો. બચાવ કરવામાં અનંત તીર્થંકરો અને અનંત સર્વજ્ઞોની અશાતના થાય છે. દોષ થઈ જાય તો દોષને કબૂલ કરો. ભગવાને જેને દોષ કહ્યો છે તેને તમે દોષ ન માનો તો તમે ભગવાનને કે ગુરુને કે શાસ્ત્રને કોઈને માન્યા નથી. વ્રત ને તપની ક્રિયા કરતાં કરતાં મોક્ષ થઈ જશે એમ ભગવાને કહ્યું નથી. માટે, જે એમ માને છે તે મૂઢ છે. શુભરાગમાં જ ચારિત્ર માની લે તો એમ ચારિત્ર આવી ન જાય.

રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું છે કે મિથ્યાદષ્ટિ અણગાર કરતાં સમકિતી ગૃહસ્થ ભલો છે કેમ કે એ મોક્ષમાર્ગમાં છે. પેલો તો રાગની ક્રિયાથી પરંપરા ધર્મ થવાનું માનીને બેઠો છે, જ્યારે સમકિતી ગૃહસ્થને વ્રત ન હોવા છતાં તે મોક્ષના માર્ગમાં છે. સમકિત વિના ઘર-બાર છોડીને પોતાને અણગાર માની મનમાં હરખ કરે છે કે કોઈને થોડા ભવમાં મોક્ષ થાય છે અને અમારે વધારે ભવે થશે પણ મોક્ષ તો અમારો થશે... આવું મૂઢ મિથ્યાદષ્ટિ માને છે. જિનેશ્વર વીતરાગમાર્ગ સિવાય આવી વાત ક્યાંય નથી.

शुद्धातम अनुभव कथा.....કોઈ સમકિતી ઉપર કહ્યાં તેવા મૂઢ જીવોને શુદ્ધાત્માના અનુભવની વાત કહે છે તો આ એમ કહે છે કે તમે તો એલ.એલ.બી.ની એટલે કેવળજ્ઞાનની વાત કરો છો. પહેલાં એકડાંની વાત કરો એટલે કે વ્રત, તપ, ત્યાગ એ પેલો એકડો છે એમ નથી. ભાઈ! શુદ્ધાત્માનો અનુભવ કરવો એ જ એકડાની વાત છે. સમ્યગ્દર્શનથી જ માર્ગની શરૂઆત થાય છે. એ વિના તારી બધી ક્રિયા મિથ્યા છે. શુદ્ધાત્માના અનુભવની વાત એ વિના તારી બધી ક્રિયા મિથ્યા છે. શુદ્ધાત્માના અનુભવની વાત વિના લાખ વાત કરે કે કરોડ કર! બધામાં મિથ્યાશ્રદ્ધાનું પોષણ છે.

એક ભાઈ કહેતાં હતા કે કોઈને અહીં અભ્યાસ કરવો હોય તો સંસ્થા તરફથી શું સગવડ આપો છો? કીધું—સગવડ કાંઈ નહીં. અહીં તો જેને પોતાના બળ ઉપર રહેવું હોય તે રહી શકે છે. સંસ્થા તરફથી અનુકૂળતા આપે તો તો અહીં પાંજરાપોળ ભરાય. કાંઈ કરવું નહિ, ક્યાંય જવું નહિ, સરસ આહાર મળે એટલે મજા આવે—એવો મારગ અહીં નથી બાપુ! અહીં તો અભ્યાસ કરવો હોય તો પોતાના ખર્ચે રહેવાય એ રીતે ઘણા આવે છે. બાકી, સંસ્થા મદદ કરે તો તો પાર ન આવે.

જુઓ! અહીં મિથ્યાદષ્ટિને જ્ઞાની શુદ્ધાત્માના અનુભવની વાત કરે છે એમ આવ્યું ને! સમયસારમાં પણ અપ્રતિબુદ્ધ એટલે અજ્ઞાનીજીવને સંબોધીને કથન કર્યું છે. મુનિઓ માટે જ કર્યું છે એમ નથી. મિથ્યાદષ્ટિને કહે છે ભાઈ! સાંભળ! મોક્ષમાર્ગ તો સ્વાશ્રિત હોય. પરના આશ્રયે મોક્ષમાર્ગ ન હોય. વ્રત-તપની ક્રિયા તો શરીરને આશ્રિત છે તેનાથી મોક્ષ કેમ થાય!....જ્યારથી સમજો ત્યારથી લાભ છે. જભી જાગ જાઓ તભી હૈ સવેરા. એક બેન ગાતાં હતાં કે—

**‘‘ન સમજો અભી મિત્ર કિતના અંધેરા, જભી જાગ જાઓ તભી હૈ સવેરા.**
**ગઈ સો ગઈ, મત ગઈ કો ભુલાવો, નયા દિન હુઆ હૈ, નયા ડગ બઢાવો.**
**ન સોચો, ન લાઓ વદન પર મલિનતા, તુમ્હારે કરોમેં હૈ કલકી સફલતા.**

**પીઓ મિત્ર શોલે સમજ કરકે પાની, દુઃખોંને લિખી હૈ સુખોંકી કહાની.**
**નહિ પઢ સકા કોઈ કિસ્મતકા કાસા, નહિ જાનતા કબ પલટ જાય પાસા.**
**ચલ જો મિલા મંજિલોંકા બસેરા, જભી જાગ જાઓ તભી હૈ સવેરા.**
**વ્યથાયેં મિલે તો ઉન્હેં તુમ્હ દુલારો, પ્રગતિ પ્રેમસે મિલે તો પુકારો.**
**દુઃખોંકી સદા ઉમ્ર છોટી રહી હૈ, સદા શ્રમ સુખોંકે હી બોતી રહી હૈ.**

જુઓ! શું કહ્યું આ! દુઃખની ઉંમર તો થોડી છે અને સુખ તો સાદિ-અનંતકાળ રહેવાનું છે.

**ગુરુદેવકે દ્વારા નયા દિન મિલા હૈ, જો નિધિયાઁ બિખરતી વો લૂંટો હંમેશા.**
**અનેક ગ્રંથમંથનસે હીરા નિકાલા, તુમ ઝૌહરી બન કરકે કર દો ઉજાલા.**
**જરા ભૂલ કી તો નરકમેં બસેરા, જભી જાગ જાઓ તભી હૈ સવેરા.**

મિથ્યાત્વની થોડી ભૂલ પણ નરકનું દુઃખ આપશે. તારણસ્વામી તો બહુ કહે છે કે તું લોકરંજન માટે ધર્મ કરીશ તો મરીને નરકમાં જઈશ. તારણસ્વામી બહુ કડક છે. વ્યવહારથી ધર્મ મનાવીશ ને નિશ્ચયને નહિ માન તો મરીને નરક-નિગોદમાં ચાલ્યો જઈશ.

**જભી જાગ જાઓ તભી હૈ સવેરા, અભી જાગ જાઓ અભી હૈ સવેરા.**

(બહારમાં વરસાદ આવ્યો) તારીખ ૧૭ કે ૨૭ના વરસાદ આવશે એમ કહેતા હતા તો ૧૭ના તો ન આવ્યો, આજે ૨૭ તારીખે આવ્યો...અહીં તો આ વરસાદ આવે છે. પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તે સુકાળ છે. મિથ્યાદર્શન છે તે દુકાળ છે. ભલે બહારમાં વ્રત-તપાદિ પાળે પણ મિથ્યાદર્શન છે ત્યાં દુકાળ છે. પોતાના શાંતસ્વભાવમાંથી શાંતિનો અંકુર ન ફૂટે તો દુકાળ છે.

આ, ૧૪૯ શ્લોકના દોહા થયા. હવે ૧૫૦મા શ્લોકના દોહામાં કહે છે કે—

'અજ્ઞાની અને જ્ઞાનીઓની પરિણતિમાં ભેદ છે'

जिन्हके देहबुद्धि घट अंतर, मुनि-मुद्रा धरि क्रिया प्रवानहि।
तेहिय अंद बंधके करता, परम तत्तकौ भेद न जानहि॥
जिन्हके हिए सुमतिकी कनिका, बाहिज क्रिया भेष परमानहि।
ते समकिती मोख मारग मुख, करि प्रस्थान भवस्थिती भानहि॥१२४॥

સમકિતી ભવસ્થિતિનો નાશ કરી દે છે. અર્થ હવે પછી કહેવાશે. *(ક્રમશઃ)*❑

# પરમાર્થ સ્વરૂપ જીવ કેવો છે તેનું અલૌકિક વર્ણન

ભગવાન આત્મા અનંત શક્તિઓનું સંગ્રહાલય છે, અનંત ગુણોનું ગોદામ છે–એવા પરમાર્થસ્વરૂપ જીવની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનરૂપી ધર્મ પ્રગટ થાય છે.

આ ગાથા અલૌકિક છે, તેથી કુંદકુંદાચાર્યદેવ રચિત દરેક શાસ્ત્રમાં આ ગાથા આવે છે તેમ જ ધવલાના ત્રીજા ભાગમાં પણ આ ગાથા આવે છે. આ ગાથામાં જીવના વાસ્તવિક સ્વરૂપનું અચિંત્ય અને અલૌકિક વર્ણન છે. તેના સારરૂપે થોડું અત્રે રજૂ કરવામાં આવ્યું છે.

(શ્રી સમયસાર, ગાથા-૪૯ ઉપર રાજકોટમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી)

જેને આત્માના ચૈતન્યરસનું સાચું જ્ઞાન નથી તેને પુદ્‌ગલમાં (ખાટો–મીઠો આદિ) રસગુણ છે તેનું સાચું જ્ઞાન હોતું નથી. જેને સ્વરૂપગ્રાહીજ્ઞાન નથી તેને પુદ્‌ગલનો રસગુણ મારામાં નથી એવું વાસ્તવિક જ્ઞાન હોતું નથી. જેને આનંદનો નાથ એવા ચૈતન્યપ્રભુથી અભિન્ન છું ને પુદ્‌ગલથી ભિન્ન છું એવું સ્વરૂપગ્રાહી જ્ઞાન નથી તેને પુદ્‌ગલનું પણ સાચું જ્ઞાન નથી.

પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો જીવ એકલો પારિણામિકભાવે, જ્ઞાયકભાવરૂપે છે. એના જ્ઞાન-દર્શન આદિ ગુણો ધ્રુવરૂપે છે, એવા કાયમીભાવે, ધ્રુવભાવે, સત્તાભાવે જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસને ચાખતો નથી માટે અરસ છે. ત્રિકાળી સ્વભાવમાં ક્ષાયોપશમિક પર્યાયનો પણ અભાવ છે. ગજબ છે ને? અહીં તો થોડું જ્ઞાન ખીલે છે ત્યાં એને અભિમાન થઈ જાય છે. અરે! ૧૧ અંગનું જ્ઞાન થઈ જાય તોપણ ત્રિકાળી જ્ઞાયક આત્મામાં તેનો અભાવ છે. જેને આવા ક્ષાયોપશમિકભાવમાં અહંપણું થઈ જાય છે તે ત્રિકાળી ભાવનો તિરસ્કાર કરે છે, અનાદર કરે છે. અહીં કહે છે કે રસને જાણવાવાળી ક્ષાયોપશમિક અવસ્થા છે એનો પણ જ્ઞાયકભાવમાં અભાવ હોવાથી આત્મા રસને ચાખતો નથી માટે અરસ છે. (અરસનો ચોથો બોલ)

અરસના પાંચમાં બોલમાં કહે છે કે સકલ વિષયોના વિશેષોમાં સામાન્ય એકરૂપ સ્વસંવેદન પરિણામરૂપ જાણવાનો તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદના પરિણામને પામીને રસને ચાખતો નથી માટે અરસ છે. જેમ અરીસામાં કોલસો, અગ્નિ, બરફ આદિ અનેક વસ્તુ એકીસાથે દેખાય છે તેમાં કોલસાનું એકનું જ પ્રતિબિંબ પડે ને બીજાનું ન પડે એવું બનતું નથી, તેમ એકીસાથે બધા જ્ઞેયોને જાણવાનો આત્માનો સ્વભાવ છે, તેમાં એક

જ રસને જાણવું તેવો તેનો સ્વભાવ ન હોવાથી એકલા રસનું સંવેદન કરતો નથી માટે આત્મા અરસ છે.

અરસનો છઠ્ઠો બોલ : આત્માને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે. પરંતુ સકલ જ્ઞેય-જ્ઞાયકનો એકરૂપ થવાનો નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમવા છતાં પણ પોતે રસરૂપે પરિણમતો નથી માટે અરસ છે. સમસ્ત જ્ઞેયોને એકસાથે જાણવાનો સ્વભાવ હોવાથી અગ્નિ આદિ જ્ઞેય છે તેમ જ્ઞાન જાણે છે પણ અગ્નિ આદિમાં જ્ઞાન જતું નથી કે અગ્નિ આદિ જ્ઞાનમાં આવતાં નથી. જ્ઞેય—જ્ઞાયક બેનું એકપણું થતું નથી. અનંત જ્ઞેયોને જાણતો હોવા છતાં જ્ઞેયોમાં તાદાત્મ્યનો અભાવ હોવાથી રસ આદિ જ્ઞેયોરૂપે પરિણમતો નથી માટે આત્મા અરસ છે.

અનિર્દિષ્ટ સંસ્થાનના પહેલાં ૩ બોલમાં કહ્યું કે શરીર પુદ્ગલ વડે રચાયેલ હોવાથી તેમ જ સંસ્થાન નામકર્મનો ઉદય પુદ્ગલમાં જ આવતો હોવાથી અને પોતાના નિયત સ્વભાવથી જ અનંત શરીરોમાં રહેતો હોવાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાનવાળો છે. અનિર્દિષ્ટસંસ્થાનના ચોથા બોલમાં કહે છે કે જુદા જુદા સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓના સ્વરૂપ સાથે જેની સ્વાભાવિક સંવેદનશક્તિ સંબંધિત છે એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના સંબંધથી રહિત નિર્મળ અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે, માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. જુદા જુદા આકારરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુ—એમ કહીને એમ પણ કહ્યું કે આ લાડવા રોટલી આદિના આકારરૂપે થયેલ પુદ્ગલો સ્વયં પરિણમે છે. પરિણમેલી શબ્દ ઉપર વજન છે. પુદ્ગલો સ્વયં પરિણમે છે એને બીજો કોઈ પરિણમાવતો નથી, પણ સમસ્ત વસ્તુઓ સ્વયં પરિણમે છે. તેના આકારે જ્ઞાન જાણવારૂપે પરિણમે છે, તોપણ સામી જ્ઞેયવસ્તુના કારણે જ્ઞાન પરિણમ્યું નથી પણ પોતાથી જ જાણવારૂપે પરિણમ્યું છે, સમસ્ત જ્ઞેયવસ્તુના આકારે જ્ઞાન પરિણમવા છતાં જ્ઞેયના સંબંધથી રહિત હોવાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાનવાળો છે.

અવ્યક્તના બોલ ચાલે છે, બહુ સૂક્ષ્મ છે, ધ્યાન રાખવાથી સમજાય તેવા છે. ભગવાન સર્વજ્ઞે ચૌદ બ્રહ્માંડ સ્વરૂપ લોકમાં જાતી અપેક્ષાએ છ દ્રવ્યો જોયા છે. સંખ્યાથી જીવ પુદ્ગલાદિ અનંતાનંત છે કે જેઓ જ્ઞેય છે, તેથી જાણવાલાયક છે, એક સમયની જ્ઞાનપર્યાય એટલી સામર્થ્યવાળી છે કે ચૌદ બ્રહ્માંડના પદાર્થને એક સમયમાં કોળિયો કરી લ્યે છે, જાણી લ્યે છે, એ જાણવાનું સામર્થ્ય કેટલું છે તેનું માપ બતાવ્યું છે. એક સંપ્રદાય કહે છે કે જીવની દયા પાળવા માટે ભગવાને પ્રવચનો કહ્યાં છે. બીજો સંપ્રદાય કહે છે કે જીવોને ન મરવા માટે ભગવાને પ્રવચનો કહ્યાં છે, પણ તે બન્નેની વાત ખોટી છે. અનંતા

જીવો છે તેને જાણનાર એક સમયની જ્ઞાન પર્યાયનું સામર્થ્ય કેટલું મોટું છે તે બતાવવા ભગવાને પ્રવચનો કહ્યાં છે. સમસ્ત વસ્તુ પોતાના કારણે પરિણમેલી છે ને તેને જાણનાર જ્ઞાન છે તે પોતાના કારણે જાણવારૂપે પરિણમે છે. જ્ઞેયોના લઈને જાણે છે તેમ નથી. અરે નાથ! તું સાંભળતો ખરો! ભગવાન કહે છે કે તું કોની રક્ષા કરનારો છો? દરેક પદાર્થો પોતપોતાથી જ રક્ષાયેલા છે. તેનો તું જાણનાર છો છતાં તેના લઈને નહિ, તું તારા લઈને જાણનાર છો. તું સમજણનો જ સંગ્રહાલય છો, આનંદનો કંદ પ્રભુ છો.

છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે, તેનાથી જીવ ભિન્ન છે એટલે જીવ સાતમું દ્રવ્ય છે તેમ ધર્મદાસજીએ કહ્યું છે. છ દ્રવ્યસ્વરૂપ લોક તે વ્યક્ત છે તેથી બાહ્ય છે, તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. લોક તે વ્યક્ત છે તેને જાણનાર ત્રિકાળીતત્ત્વ—જ્ઞાનગુણ તે અવ્યક્ત છે. એક સમયની જ્ઞાનપર્યાય પ્રગટ છે, તેનાથી ત્રિકાળીતત્ત્વ અવ્યક્ત છે—એવા જીવની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

આબાળગોપાળ સૌ જ્ઞાન જ કરી રહ્યા છે, સૌને જ્ઞાનનો જ અનુભવ થાય છે, રાગનો કે શરીરાદિનો અનુભવ થતો નથી છતાં પરને કરું છું તેમ માને છે. થાય છે તો જ્ઞાન જ પણ ભ્રમથી માને છે કે કર્તા છું. અરે ભગવાન! તારી મોટપ કેટલી છે અને તું તને કેટલો હીણો માની રહ્યો છો તેની તને સમજણ કરાવે છે. છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે ને તેને જાણનાર એક સમયની જ્ઞાનપર્યાય છે, જ્ઞાનપર્યાયને અને જ્ઞેયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જ્ઞાનગુણ તો ધ્રુવ છે તેની સાથે જ્ઞેય-જ્ઞાયકસંબંધ પણ નથી.

છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે, તેથી તે પ્રગટ છે, બાહ્ય છે, તેનાથી જીવ અન્ય છે, તેથી ભિન્ન છે, અવ્યક્ત છે. સર્વજ્ઞપર્યાયમાં જાણવાની કેટલી તાકાત છે તે બતાવવા અનંત પદાર્થો છે, અનંતા જીવો છે તેમ કહ્યું છે, પણ અનંતા જીવો બચાવવા લાયક છે માટે કહ્યાં છે તેમ નથી. જ્ઞેય હોવાથી જાણવાલાયક છે, પંચપરમેષ્ઠિ ભગવાન અને ભગવાનની દિવ્યધ્વની પણ છ દ્રવ્યસ્વરૂપ લોકમાં આવી જાય છે તેથી જાણવાલાયક છે તેમ કહ્યું છે. પરની દયા પાળવાનો ભાવ તે શુભરાગ છે, રાગમાં સ્વનો ઘાત થતો હોવાથી પરમાર્થે હિંસા છે. તે રાગ પણ જ્ઞાનમાં જાણવાલાયક હોવાથી જ્ઞેય છે, વ્યક્ત છે, પ્રગટ છે, તેનાથી જીવ ભિન્ન છે, અન્ય છે, માટે અવ્યક્ત છે.

ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા છે એમ સ્તુતિમાં આવે છે ને! આમાં બ્રહ્માંડના ભાવો ભર્યા છે. સંતોએ કરુણા કરી માર્ગ સહેલો કરી દીધો છે. સંતો એટલે કેવળીના કેડાયતો. જે છ દ્રવ્યને માને છે તે એક સમયની પર્યાયને માને છે, પણ પોતાના ત્રિકાળી દ્રવ્યને માને નહિ તો તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યસ્વરૂપ લોક પ્રગટ છે, વ્યક્ત

છે, તેની અપેક્ષાએ જીવ અપ્રગટ છે, અવ્યક્ત છે, પણ પોતાની અપેક્ષાએ તો જીવ પ્રગટ જ છે વ્યક્ત જ.

અવ્યક્તના બીજા બોલમાં કહે છે કે કષાયોનો સમૂહ એટલે પુણ્ય-પાપના ભાવ તે કષાયનો સમૂહ છે, તે ભાવકભાવ છે એટલે કે કર્મનો ભાવ છે તે વ્યક્ત છે. વિકારી કાર્યને ભાવકનો અર્થાત્ પુદ્‌ગલકર્મનો ભાવ કહીને તેનાથી ભિન્ન કહ્યો છે.

ગાથા-૩૨મા વિકારને ભાવકનો ભાવ કહ્યો છે કેમ કે વિકાર તે ખરેખર જીવનું કર્તવ્ય નથી. કર્મને અનુસરીને વિકાર થાય છે તેથી તેને ભાવકનો ભાવ કહ્યો છે. ગાથા ૩૨મા ભાવકના ભાવને (વિકારને) જીતવાની વાત કરી છે, વિકારને થવા દીધો નહીં એટલે અંશે વિકારને જીત્યો તેમ ત્યાં વાત કરી છે. અહીં ગાથા ૪૯મા ભાવકનો ભાવ વિકારી ભાવ છે ખરો, પણ જીવ તેનાથી ભિન્ન છે એમ સમ્યગ્દષ્ટિ જાણે છે; જીવને જાણ એમ કહ્યું છે, વિકારને જાણ એમ નથી કહ્યું પણ તેનાથી જીવ અન્ય છે, અવ્યક્ત છે—એવા જીવને જાણવાનું કહ્યું છે.

દયા-દાન-ભક્તિથી કલ્યાણ થાય એમ જે કહે છે તે બધાય મૂઢ જીવો છે, મિથ્યાદ્રષ્ટિ છે. કષાયના સમૂહથી જીવ ભિન્ન છે તેની તે મૂઢ જીવોને ખબર નથી. આ તો વસ્તુ સ્થિતિની વાત છે. આવી વાતો સાંભળવા મળવી તેને શાસ્ત્રકાર સૌભાગ્ય કહે છે. ધન વૈભવ મળે તેને સૌભાગ્ય કહેતા નથી.

કષાયોનો સમૂહ એટલે ભાવક કર્મનો ભાવ છે, જીવનો ભાવ નથી. કષાયના ભાવની હૈયાતી છે, મૌજુદગી છે, અસ્તિ છે. તેનાથી જીવ અન્ય છે, ભિન્ન છે, અવ્યક્ત છે—એવા જીવને તું જાણ એમ કહ્યું છે. કષાયના સમૂહને જાણ એમ કહ્યું નથી, પણ કષાયના સમૂહથી ભિન્ન ભગવાન આત્મા આનંદકંદ છે, શાંતિનો સાગર છે, નિરાકુળતાનો પિંડ છે—એવા આત્માને તું જાણ એમ કહ્યું છે. ભગવાન આત્માને ઓછો-અધિક કે વિપરીત માનતા તે જવાબ નહિ આપે. જેવો સ્વભાવે છે તેવો આત્માને જાણતા અતીન્દ્રિય આનંદ પ્રગટશે.

અવ્યક્તના ત્રીજા બોલમાં કહે છે કે ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન છે, અંતર્ભૂત છે, માટે અવ્યક્ત છે. ચિત્સામાન્યમાં એટલે ત્રિકાળી ધ્રુવ વસ્તુમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ એટલે ભૂત-ભાવિની પર્યાયો અંતર્ભૂત છે એમ ઉત્પાદ પર્યાય—વર્તમાન પ્રગટ પર્યાય જાણે છે. કોઈનો એવો અભિપ્રાય છે કે ભૂત—ભાવિની પર્યાયો દ્રવ્યમાં અંતર્ભૂત છે તેમ વર્તમાન પર્યાય પણ અંતર્ભૂત થઈને દષ્ટિનો વિષય છે. પરંતુ તે વાત બરાબર નથી. વર્તમાન પર્યાય તો પ્રગટરૂપ છે. તે પર્યાય તો નિર્ણય કરનારી છે કે ભૂત—ભાવિની

પર્યાયો દ્રવ્યમાં અંતર્ભૂત છે, પ્રગટરૂપ નથી, પણ યોગ્યતારૂપ દ્રવ્યસામાન્યમાં છે એમ વર્તમાન પર્યાય જાણે છે–નિર્ણય કરે છે. નિર્ણય કરનાર પ્રગટ પર્યાય દ્રવ્યથી ભિન્ન રહીને નિર્ણય કરે છે. દૃષ્ટિના વિષયમાં તે ભળતી નથી; પણ ભિન્ન રહીને નિર્ણય કરે છે.

ભૂતકાળમાં જે રાગાદિભાવો થયા હતા, તે પર્યાયો દ્રવ્ય-સામાન્યમાં અંદર ગઈ છે પરંતુ તે પર્યાયો રાગાદિ ઉદયભાવોરૂપે રહી નથી. સહજભાવે એટલે કે પારિણામિક ભાવરૂપ થઈને રહે છે, યોગ્યતારૂપે રહે છે. ભૂત-ભાવિની પર્યાયો યોગ્યતારૂપ અંતર્ભૂત છે, સામાન્યરૂપ છે એમ વર્તમાન ઉત્પાદ પર્યાય નિર્ણય કરે છે. નિર્ણય કરનારી પર્યાય તે પ્રગટ છે તેની અપેક્ષાએ ચિત્સામાન્ય અવ્યક્ત છે. દ્રવ્ય છે તો પ્રગટ જ, પણ ઉત્પાદ પર્યાયની અપેક્ષાએ દ્રવ્યને અપ્રગટ છે, અવ્યક્ત છે તેમ કહેવામાં આવે છે. જેમ દરિયો કાયમ રહે છે ને તરંગો પલટે છે તેમ ભગવાન આત્મા દરિયા સમાન કાયમ ધ્રુવ રહીને પર્યાયો પલટે છે. ભૂત-ભાવિની પર્યાય કે જે થઈ ગઈ છે ને થવાની છે તે બધી દ્રવ્યસામાન્યમાં અંતર્ભૂત છે એમ પ્રગટ પર્યાય જાણે છે.

અવ્યક્તનો ચોથો બોલ કહે છે કે ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાયના સ્વીકારમાં જ તારી નજર ને રમતું થઈ છે. નથી બહારમાં રમ્યો કે નથી અંદર ચૈતન્ય સામાન્યમાં રમ્યો, પર્યાયમાં જ રમ્યો છો. એ પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! આ તારી મોટાઈની વાત ચાલે છે, મોટા ઘરના કહેણ પાછા ન ફરે. ભાઈ! તું રાગાદિરૂપે થયો જ નથી, વિકલ્પરૂપે પણ તું નથી અને ક્ષણિક અવસ્થા જેટલો પણ તું નથી. ક્ષણિક વ્યક્તિ એટલે પર્યાયો જેટલો તું નથી, ક્ષણિક વ્યક્તિ છે ખરી, પણ તું એટલો નથી. અંદર આનંદકંદપ્રભુરૂપે તું પૂરો છો. બે અંશ સ્વરૂપ વસ્તુ છે, તેમાં એક અંશ પલટતો છે ને બીજો અંશ ધ્રુવરૂપ છે. તું પલટતી પર્યાય જેટલો નથી પણ ધ્રુવરૂપ છો.

અવ્યક્તનો પાંચમો બોલ : વ્યક્તપણું તથા અવ્યક્તપણું મિશ્રિતરૂપે પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. વ્યક્તપણું એટલે પ્રગટ પર્યાય, અવ્યક્તપણું એટલે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય, તે બન્ને એક સમયમાં ભેગા પ્રતિભાસવા છતાં, વ્યક્તપણાને સ્પર્શતો નથી. ભગવાન આત્મા ધ્રુવ છે તે વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી, અડતો નથી, માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાયમાં ક્ષણિકનું અને ધ્રુવવસ્તુનું જ્ઞાન થાય છે તોપણ ધ્રુવવસ્તુ ક્ષણિક પર્યાયને સ્પર્શતી નથી. જો ક્ષણિક પર્યાયમાં ધ્રુવ આવી જાય તો ધ્રુવવસ્તુનો નાશ થઈ જાય. વ્યક્તને તથા અવ્યક્તને જ્ઞાનની વ્યક્ત પર્યાય જાણે છે. વ્યક્ત પર્યાય પોતાને અને ધ્રુવદ્રવ્યને જાણે, તોપણ ધ્રુવ આત્મા વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.

છઠ્ઠા બોલમાં એમ કહ્યું છે કે ભગવાન આત્મા પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો છે અર્થાત્ પર્યાયમાં પર્યાયનો તથા ત્રિકાળીનો સ્પષ્ટ અનુભવ છે તોપણ, એક સમયના આનંદના અનુભવથી ઉદાસીન વર્તે છે ને ત્રિકાળી તરફ ઝૂકી જાય છે, માટે અવ્યક્ત છે. વિકલ્પ, નિમિત્ત કે સંયોગની અપેક્ષા વિના પોતે પોતાથી જ પોતાને બાહ્ય-અભ્યંતર અનુભવે છે. બાહ્ય એટલે એક સમયની આનંદની પર્યાયને અનુભવે છે અને અભ્યંતર એટલે ત્રિકાળી ધ્રુવતત્ત્વ તેને પણ સ્પષ્ટ અનુભવે છે. ત્રિકાળી પોતે વેદનમાં આવતો નથી પણ ત્રિકાળીનું જ્ઞાન અનુભવમાં આવે છે. એ રીતે બાહ્ય-અભ્યંતર પ્રત્યક્ષ અનુભવાતો હોવા છતાં એક સમયના આનંદની પર્યાયમાં રોકાતો નથી, પણ તેનાથી ઉદાસીનપણે વર્તતો થકો ત્રિકાળી તરફ ઝુકે છે. પ્રગટ આનંદની વ્યક્તદશાથી ઉદાસીન વર્તતો હોવાથી ભગવાન આત્મા અવ્યક્ત છે.

---

(અનુસંધાન પેઈજ નંબર ૨૧ થી ચાલુ)

એકસરખું રહી શકાતું નથી, કારણ કે તે ભાવના સહજ નથી. સહજ નથી એટલે વિચાર બીજે-બીજે જાય–શ્રુતના ને દ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતવનમાં ઊભો રહે. હું જુદો છું, હું જુદો છું, એમ એકના એક વિકલ્પમાં, વિકલ્પવાળો ઉપયોગ છે એટલે ટકી શકતો નથી. તેથી ભાવના એમ રાખે કે હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, અને વારે-વારે અભ્યાસ પણ કર્યા કરે. ઉપયોગ એકમાં ટકી શકતો નથી તેમ જ એક ને એક વિકલ્પવાળું ચિંતવન લૂખું થઈ જાય છે, માટે શ્રુતના ચિંતવનના વિચારમાં રોકાય છે. છતાં કરવાનું તો એક જ છે–ભેદજ્ઞાન કરીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે એમ એક ચૈતન્યને ગ્રહણ કરવાનો છે.

---

(અનુસંધાન પેઈજ નંબર ૨૨ થી ચાલુ)

પ્રશ્ન : ૪ નીચે આપેલા વિષયોમાંથી ગમે તે એક વિષય ઉપર નિબંધ લખો. (૧૧)

આ પ્રશ્નનો ઉત્તર વધુમાં વધુ ૨૦ લીટીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો તથા વીતરાગ–વિજ્ઞાન(છઢાળા પ્રવચનો)ના આધારે પોતાના શબ્દોમાં લખવો.

(૧) ગ્રંથકારે વ્યવહાર મોક્ષમાર્ગને નિશ્ચય મોક્ષમાર્ગનો હેતુ (કારણ) કહ્યો છે તે વાતને સમજાવો.

(૨) ગ્રંથકાર સમ્યક્દર્શનનો મહિમા કઈ રીતે સમજાવે છે?

(૩) શું પચ્ચીસ દોષ રહિત સમ્યક્ત્વને બીજા શબ્દોમાં ''સમ્યક્ત્વચરણ ચારિત્ર'' કહેવાય છે? વિસ્તારથી સમજાવો.

**વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો**

# આત્મવૈભવ

## સ્વચ્છત્વ શક્તિ

( नीरुपात्मप्रदेशाप्रकाशमानलोकाकारमेचकोपयोगलक्षणा स्वच्छत्वशक्तिः। )

જ્ઞાનસ્વરૂપ આત્મામાં એવી સ્વચ્છતા છે કે તેના ઉપયોગમાં લોકાલોક જણાય છે. પોતે અરૂપી હોવા છતાં રૂપી-અરૂપી સમસ્ત પદાર્થો તેના જ્ઞાનમાં જણાય છે. પોતે અરૂપી રહીને પણ રૂપીને જાણી લ્યે છે. લોકાલોકને જાણવા છતાં તેના ઉપયોગમાં જરાય વિકાર ન થાય એવી તેની સ્વચ્છતા છે. જેમ અરીસાની સ્વચ્છતામાં અનેક ચિત્ર-વિચિત્ર પદાર્થો જણાય છે, ત્યાં અરીસામાં જાણે કેટલાય પદાર્થો હોય એવું મેચકપણું (અનેકપણું) લાગે છે પણ ખરેખર કાંઈ અરીસામાં બીજી વસ્તુ નથી, એ તો અરીસાની સ્વચ્છતાનો જ એવો સ્વભાવ છે. તેમ અરૂપી આત્મપ્રદેશોમાં લોકાલોકના સમસ્ત પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયો પ્રકાશમાન થાય છે, ત્યાં જ્ઞાનમાં જાણે કેટલાય પદાર્થો જણાતા હોય એવું મેચકપણું (અનેકપણું) લાગે છે પણ ખરેખર કાંઈ જ્ઞાનમાં બીજી વસ્તુ નથી, જ્ઞાનની જ એવી સ્વચ્છતા છે અને અરીસાની માફક ખરેખર કાંઈ જ્ઞાનમાં અન્ય વસ્તુનું પ્રતિબિંબ નથી પડતું કેમકે જ્ઞાન તો અરૂપી છે, તેમાં પ્રતિબિંબ ન પડે; પણ પદાર્થો જ્ઞાનમાં પ્રતિબિંબિત થયા એનો અર્થ એમ છે કે પદાર્થોનું જેવું સ્વરૂપ હતું તેવું જ્ઞાને જાણી લીધું. જ્ઞાનની સ્વચ્છતા થતાં પોતે પોતાને તો જાણે ને લોકાલોકને પણ જાણી લ્યે એવી તેની તાકાત છે. એક મતિજ્ઞાન કે જે કેવળજ્ઞાનના અનંતમાં ભાગનું છે તેની સ્વચ્છતામાં પણ એવી તાકાત છે કે પૂર્વના કેટલાય ભવને જાણી લ્યે તો કેવળજ્ઞાનની તાકાતની શી વાત?

જ્ઞાનલક્ષણવડે આત્માને અનુભવમાં લેતાં જે જ્ઞાન પરિણમ્યું તે પરિણમનમાં ભેગી આવી સ્વચ્છતા પણ પરિણમે છે. લોકાલોકના જે અનેક પદાર્થો તે બધા પદાર્થો આત્માના જ્ઞાનમાં જ્ઞેયપણે જણાતા હોવાથી જ્ઞાન એકાકારરૂપ (—મેચક) છે, છતાં તેમાં કાંઈ મલિનતા થતી નથી, લોકાલોક એનામાં જણાવા છતાં જ્ઞાન તો સ્વચ્છ જ રહે છે. હવે એ જ રીતે સાધકનું જ્ઞાન તે પણ એની સ્વચ્છતારૂપે પરિણમે છે કે રાગને જાણવા છતાં પોતે રાગરૂપ મલિન થઈ જતું નથી. રાગ મલિન છે પણ રાગને જાણનારું જ્ઞાન મલિન નથી

વાહ! કેવું ભેદજ્ઞાન! સ્વચ્છત્વશક્તિને લીધે આત્માના ઉપયોગની એવી તાકાત છે કે ગમે તેટલા ને ગમે તેવા પદાર્થોને જાણે છતાં પણ પોતે મલિન થતો નથી, તેમ જ તેના ઉપર બોજો થઈ જતો નથી. જેમ કરોડો–અબજો મણ વજનને જાણે તેથી કાંઈ આંખ તેવી વજનદાર થઈ જતી નથી, તેમ જ્ઞાન ઘણા પદાર્થોને જાણે તેથી કાંઈ જ્ઞાનમાં બોજો થઈ જતો નથી, તેમજ મલિન પદાર્થોને જાણે તેથી કાંઈ જ્ઞાન પોતે મલિન થઈ જતું નથી; એ તો અરૂપી, સ્વચ્છ ને નિરુપાધિક જ રહે છે. જુઓ, એક બીજી વાત! પોતાના આનંદાદિ સ્વભાવને જાણતાં જ્ઞાન તેમાં તો તન્મય થાય છે પણ રાગાદિ પરભાવને જાણતાં જ્ઞાન તેમાં તન્મય થતું નથી; એટલે એ જ વાત આવીને ઊભી રહી કે નિજસ્વભાવરૂપ જે નિશ્ચય તેમાં તો જ્ઞાનની એકતા છે ને પરભાવરૂપ જે વ્યવહાર તેમાં જ્ઞાનની એકતા નથી પણ ભિન્નતા છે એટલે નિશ્ચયનો આશ્રય ને વ્યવહારનો નિષેધ એવું સાધકના જ્ઞાનનું પરિણમન છે.

અહા, એકેક શક્તિમાં તો કેવા રહસ્યો ભર્યાં છે! જ્ઞાન તો દર્પણ સમાન અવિકાર છે. ઉષ્ણ જ્વાળા અગ્નિની છે, દર્પણની નહિ, દર્પણની તો સ્વચ્છતા જ છે, તેમ જ્ઞાનદર્પણમાં તો જ્ઞાનની સ્વચ્છતા જ છે, રૂપીપણું કે રાગ એ તો પરજ્ઞેયના છે, તે કાંઈ જ્ઞાનના નથી; જ્ઞાન તેવું થઈ ગયું નથી, જ્ઞાન તો સ્વચ્છ જ રહ્યું છે. આવા જ્ઞાનની અનુભૂતિ જ્યારે આત્મા કરશે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થશે, ત્યારે જ ભેદજ્ઞાની અને ધર્મી થશે. અહીં જ્ઞાનને 'મેચક' કહ્યું, આ 'મેચક'નો અર્થ મલિનતા નથી પણ મેચકપણું એટલે અનેકવિધપણું; જ્ઞાનમાં અનેકતા છે પણ મલિનતા નથી; લોકાલોકને જાણવારૂપ મેચકતા એ તો ઉલટું જ્ઞાનની સ્વચ્છતાને જાહેર કરે છે. જો લોકાલોક જ્ઞાનમાં ન જણાય તો તે જ્ઞાનની પૂરી સ્વચ્છતા નહિ, એ જ્ઞાનની દિવ્યતા નહિ.

ભાઈ, લોકાલોક જેની સ્વચ્છતામાં જણાય એવા તારા પવિત્ર આત્માને તારે જાણવો હોય તો તારું જ્ઞાન સ્વચ્છ કર. મલિન દર્પણમાં મોઢું ન દેખાય, તેમ મલિનભાવમાં આત્માનું સાચું સ્વરૂપ ન દેખાય. માટે જ્ઞાનને ચોકખુ કર, વિકાર વગરનું કર. શરૂઆતના મંગળ વખતે જ સિદ્ધભગવાનને જ્ઞાનમાં પધરાવીને જ્ઞાનને ચોકખું કર્યું છે, જેણે પોતાના જ્ઞાનમાં સિદ્ધપ્રભુને પધરાવ્યા તેનું જ્ઞાન રાગથી જુદું પડીને ચોકખું થયું ને એવા ચોખ્ખા જ્ઞાનવડે જ અનંતશક્તિવાળા આત્માની ઓળખાણ ને અનુભવ થઈ શકે.

પરમાણુ વગેરેને જાણે છતાં આત્મા તે જડ પરમાણુરૂપ થાય નહિ ને આત્મામાં પરમાણુ પ્રવેશે નહિ. પરમાણુ પરમાણુમાં રહે, જ્ઞાન જ્ઞાનમાં રહે, બંને પોતપોતામાં રહે છતાં જ્ઞાન તેને જાણે ખરું–જાણવાનો સ્વભાવ જ કોઈ અચિંત્ય છે. જાણવા માટે જ્ઞાનને બહાર નીકળીને જવું પડતું નથી ને પરને પોતામાં લાવવું પડતું નથી. અહા, કેવું

નિરાલંબીપણું! ને કેવી સ્વતંત્રતા! પોતે સ્વચ્છ રહીને મલિનતાને પણ જાણી લ્યે, પોતે સુખમાં લીન રહીને દુઃખને પણ જાણી લ્યે એવી જ્ઞાનની સ્વચ્છતાની તાકાત છે. તે પોતે નિશ્ચયનો આશ્રય રાખીને વ્યવહારને પણ જાણી લ્યે છે, તેને જાણે છે પણ તેનો આશ્રય લેતું નથી.—આવું સાધકનું સ્વચ્છ જ્ઞાન છે. નિર્મળ ઉપયોગરૂપ અસંખ્યપ્રદેશી જ્ઞાનદર્પણમાં જગતના બધા પદાર્થો જણાય છે—એવી આત્માની પરમેશ્વરતા છે. જેમ રાજાની આજ્ઞા કોઈ લોપે નહિ તેમ આ જ્ઞાન-રાજાની આજ્ઞાને જગતમાં કોઈ લોપી શકતું નથી, એક્કેય જ્ઞાનની આજ્ઞાથી બહાર રહેતું નથી. જ્ઞાનની પૂરી સ્વચ્છતા ખીલે ને એક્કેય જ્ઞેય તેમાં જણાયા વગરનું રહી જાય—એમ બનતું નથી. આવી પારમેશ્વરી શક્તિવાળો પોતે, પણ પોતાને પોતાનું માહાત્મ્ય ન ભાસ્યું એટલે જગતમાં બીજો ઈશ્વર જગતના કર્તા તરીકે કલ્પી લીધો. ભાઈ, કોઈ પ્રભુમાં—કોઈ ઈશ્વરમાં એવી તાકાત નથી કે અન્યને કાંઈ કરે. આ જ્ઞાન-પરમેશ્વર એ જગતને જાણનારો છે પણ કરનારો નથી.

ભાઈ, તારામાં નિરંતર તારી પ્રભુતા ભરેલી છે; તું પ્રતીતમાં લે તો પણ ભરી જ છે ને ન લે તોપણ ભરી જ છે. એ પ્રભુતા વ્યક્ત કેમ થાય તેની આ વાત છે. સંતો પોતે પોતામાં પ્રભુતા પ્રગટ કરીને તેની રીત જગતને દેખાડે છે. એકેક શક્તિના વર્ણનમાં અદ્‌ભુત આત્મવૈભવની ખીલવટ કરી છે. તેની પ્રતીત કરતાં પર્યાયમાં તે વૈભવ પ્રગટે છે.

એકેક આત્મામાં એકસાથે અનંત શક્તિઓ છે; આત્માના જ્ઞાનમાત્રભાવમાં તે બધીય શક્તિનું પરિણમન વર્તે છે. અમૂર્ત આત્માને અસંખ્યપ્રદેશો છે,—કેટલા? કે ચૌદ બ્રહ્માંડમાં પથરાય એટલા; તેના ક્ષેત્રની અવગાહનામાં સંકોચ-વિસ્તાર થવા છતાં આત્મપ્રદેશોની સંખ્યામાં ઘટ-વધ થતી નથી કે પ્રદેશ નાનો—મોટો થતો નથી. અમૂર્તિક એવા અસંખ્ય આત્મપ્રદેશોમાં મૂર્ત-અમૂર્ત અનંતા પદાર્થો જ્ઞેયપણે ઝળકે છે; એ બધું જણાય છતાં ઉપયોગમાં મલિનતા ન આવે એવો સ્વચ્છ આત્મસ્વભાવ છે. ઉપયોગ પોતે રાગ વગરનો હોવા છતાં તેમાં રાગ જ્ઞેયપણે જણાય છે—એ તો તેની સ્વચ્છતા છે. રાગને અને ઉપયોગને જ્ઞેય-જ્ઞાયકપણું છે તે કાંઈ આત્માને રાગપણે જાહેર નથી કરતું પણ આત્માને ઉપયોગપણે જ જાહેર કરે છે. અરીસામાં અગ્નિ જણાય તે અરીસાના સ્વચ્છત્વભાવને પ્રસિદ્ધ કરે છે, ઉષ્ણસ્વભાવને નહિ. તેમ આત્માના શુદ્ધ—અરૂપી ઉપયોગદર્પણમાં જગતના રૂપી પદાર્થો કે વિકાર જણાય તે કાંઈ ઉપયોગને રૂપીપણે કે વિકારપણે પ્રસિદ્ધ નથી કરતા પણ તેના સ્વચ્છ સ્વ—પરપ્રકાશી સ્વભાવને પ્રસિદ્ધ કરે છે. આવા ભેદજ્ઞાનવડે સાધકને ઉપયોગની સ્વચ્છતાનું પરિણમન શરૂ થઈ ગયું છે.

આ આત્મા પોતે અનંત શક્તિસમ્પન્ન પરમાત્મા છે, સ્વસન્મુખ થઈને પોતે પોતાની

પ્રતીત કરતાં અનુભવ થાય ને શુદ્ધતા–સ્વચ્છતા પ્રગટે. સ્વચ્છતારૂપે પરિણમતો આત્મા, જગતને જાણવા છતાં જગતથી અલિપ્ત રહે છે. મૂર્તને અડ્યા વગર મૂર્તને જાણે છે, પોતે રાગી થયા વગર રાગાદિને જાણે છે, પોતાની અનંત શક્તિના નિર્મળ પરિણમનમાં તન્મય રહીને બધાને જાણે છે. આ રીતે સ્વચ્છ–સ્વભાવે પરિણમતો આ જ્ઞાનસ્વરૂપ આત્મા અનેકાન્તપણે પ્રકાશી રહ્યો છે.

વસ્તુમાં જે ‘ઉત્પાદ’ છે તે જ તેનું કાર્ય છે અને તે તો વસ્તુનું સ્વરૂપ જ છે, તો બીજાએ તેમાં શું કર્યું? અહીં તો કહે છે કે વસ્તુમાં કારણરૂપ શક્તિ જેવી શુદ્ધ છે તેવું જ શુદ્ધ તેનું પરિણમન પ્રગટે તે તેનું સાચું કાર્ય છે કેમ કે કારણ અને કાર્ય એક જાતના હોય. શુદ્ધ કારણનો જ્યાં સ્વીકાર હોય ત્યાં કાર્ય પણ શુદ્ધ હોય જ. સ્વચ્છત્વ શક્તિથી પરિણમતા આત્મામાં સર્વત્ર સ્વચ્છતા વ્યાપેલી છે એટલે બધા ગુણોની પર્યાયમાં સ્વચ્છતા પરિણમી રહી છે–પણ એમ ક્યારે થાય? કે અનંત શક્તિસંપન્ન સ્વદ્રવ્યનું અવલંબન લઈને પરિણમે ત્યારે. પરસન્મુખ રહીને પરિણમે તો તેમાં શક્તિનું કાર્ય ન આવે; શક્તિવાન એવા આત્માની સન્મુખ થઈને પરિણમે તેમાં જ શક્તિનું કાર્ય આવે. સ્વદ્રવ્યવને અવલંબીને જે પરિણમન થયું તેમાં અનંતગુણની નિર્મળ પર્યાય એકસાથે ઉલ્લસે છે. આ રીતે ‘જ્ઞાનમાત્ર’ સ્વસન્મુખ ભાવમાં આખો આત્મા પ્રસિદ્ધ થાય છે. આવી આત્મપ્રસિદ્ધિ વડે અનંતા જીવો મોક્ષ પામ્યા છે.

આકાશમાં ઊડતું પંખી નિર્મળ પાણીમાં દેખાય, મેલા પાણીમાં ન દેખાય, જોકે તેમાં તો બંને મૂર્ત છે. અહીં અમૂર્ત જ્ઞાનદર્પણમાં મૂર્ત ને અમૂર્ત બધું દેખાય છે; રાગ વગરના નિર્મળ જ્ઞાનદર્પણમાં લોકાલોક સ્પષ્ટ દેખાય છે, મલિન જ્ઞાનમાં લોકાલોક દેખાતા નથી. આત્માની સ્વચ્છતાના સામર્થ્યને લીધે લોકાલોક જણાય તેથી જ્ઞાનમાં કાંઈ મલિનતા નથી. જ્ઞાન તો સ્વચ્છ છે ને સાથે અનંતગુણની સ્વચ્છતાને ભેગી રાખીને પરિણમે છે. આવો જ્ઞાયક આત્માનો સ્વભાવ છે.

જેણે આત્મા જાણવો હોય ને શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ વડે મોક્ષ સાધવો હોય તેણે પોતાની શક્તિઓને ઓળખવી જોઈએ. શક્તિની સાચી ઓળખાણ વડે શક્તિમાન એવો આત્મા ઓળખાય છે ને તેને દ્રષ્ટિમાં લઈ પરિણમતાં નિર્મળ પર્યાયનો વિકાસ થાય છે. ત્યાં ઉપયોગની સ્વચ્છતામાં સ્વ-પર સમસ્ત પદાર્થ જણાય એવી એની સ્વચ્છતા છે. લોકાલોક જણાતા હોવા છતાં આત્મા નીરૂપ છે–અમૂર્ત છે; જ્ઞેયપદાર્થો કાંઈ તેનામાં પ્રવેશી ગયા નથી પણ જ્ઞેયનું જેવું સ્વરૂપ છે તેવું અહીં જ્ઞાન થયું–એવું જ્ઞાનની સ્વચ્છતાનું સામર્થ્ય છે. જે ઉપયોગપર્યાયમાં સ્વ-પર જ્ઞેયો યથાર્થ ન ભાસે તે પર્યાય સ્વચ્છ નથી. અહીં તો સ્વચ્છ ઉપયોગરૂપે પરિણમતો આત્મા તે જ ખરો આત્મા છે. સમ્યક્ શ્રદ્ધાના વિષયભૂત આત્મામાં મલિનતા નથી; નિર્મળપર્યાયરૂપ પરિણમતા અનંત ગુણનો પિંડ આત્મા છે તે સમ્યક્શ્રદ્ધાનો વિષય છે.

આત્માના અસંખ્ય પ્રદેશોમાં અનંતી શક્તિઓ—અનંતા ગુણો અથવા અનંતા ધર્મો પથરાયેલા છે. એકેક ધર્મની સાથે બીજા અનંત ધર્મો પણ ભેગા જ વર્તે છે એટલે આત્માના અનુભવમાં અનંત શક્તિઓ એકરસપણે અનુભવમાં આવે છે. શાશ્વત ચૈતન્ય નિધાનથી ભરેલો આત્મા અનાદિથી એવો ને એવો બિરાજમાન છે. નરક—સ્વર્ગાદિના અનંત ભવ કર્યાં છતાં સ્વભાવની સ્વચ્છ શક્તિમાં તે પ્રવેશી ગયા નથી, સ્વચ્છત્વ શક્તિની સ્વચ્છતા મટી ગઈ નથી; આત્માનો સ્વચ્છ સ્વભાવ શાશ્વત એવો ને એવો, નિત્ય આનંદનો ધામ ને અનંત ગુણનો ગ્રામ (સમૂહ) બિરાજી રહ્યો છે; તે સ્વભાવને કોઈ વિઘ્ન નથી, મલિનતા નથી અને તે સ્વભાવને ઓળખતાં તેમાંથી જે સ્વચ્છ પર્યાય આવી તેમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો, તેમાં પણ કોઈ વિઘ્ન કે મલિનતા નથી.

આ આત્માની સ્વચ્છતાની વાત ચાલે છે. જુઓને, લોકોને ઘરનું આંગણું વગેરેમાં પણ ચોક્ખાઈ ગમે છે ને ! કવિતામાં પણ આવતું કે મારા ચોક્ખા ચિત્તમાં પ્રભુ વસે. તો અહીં કહે છે કે ભાઈ ! ખરેખર તારે તારા ચિત્તમાં પ્રભુને વસાવવા હોય તો તારા ચિત્તને એટલે કે ઉપયોગને ચોક્ખો—રાગ વગરનો કર. રાગવાળા ચિત્તમાં પ્રભુ નહીં વસે. પ્રભુ તો ઉપયોગસ્વરૂપ છે ને પોતાના ઉપયોગમાં જ તેનો વાસ છે. ભાઈ ! ઉપયોગમાં વસનારો આવો પ્રભુ તું પોતે જ છો. તારામાં પ્રભુતાનો મોટો વૈભવ ભર્યો છે જે સ્વચ્છતાથી શોભી રહ્યો છે. અરે, આ ચૈતન્યપ્રભુને રાગની મલિનતા તે કાંઈ શોભતી હશે ?—એને તો આત્મા કોણ કહે ?

અહો, તારો આત્મવૈભવ તો મહા સ્વચ્છ છે પણ પરાધીનદૃષ્ટિથી તેં તારી નિજ-શક્તિની સ્વચ્છતાને ગોપવી દીધી છે. સ્વ-શક્તિના વૈભવમાં દૃષ્ટિને જોડતાં અનંત શક્તિનું ધામ પ્રસિદ્ધ થાય છે. પોતાનો વૈભવ પોતાના અનુભવમાં આવી જાય છે. પરમાં જોઈ—જોઈને થાક્યો પણ તને ક્યાંય સુખ ન મળ્યું, સ્વર્ગના વૈભવમાંથી પણ તને સુખ ન મળ્યું, ભાઈ ! સન્તો તને તારો જે નિજવૈભવ દેખાડે છે તે નિજવૈભવને અંતરદૃષ્ટિથી નિહાળતાં તે ક્ષણે જ તને, પૂર્વે કદી ન થયેલો એવો અપૂર્વ આનંદ થશે. સ્વમાં દૃષ્ટિ કરતાં નિર્મળ પર્યાયપણે આત્મા પરિણમે તેને મોક્ષનો સાધકભાવ કહેવાય છે. આનંદધામ એવા ચૈતન્ય ભગવાનની સ્વચ્છતામાં રાગાદિ છે નહિ તો તે રાગાદિ તેને મોક્ષનું સાધન કેમ થાય ? મલિનતા તે સ્વચ્છતાનું કારણ કેમ થાય ? દેહની જડ ક્રિયા તો આત્મામાં છે જ ક્યાં ? અને શુભરાગ પર પરલક્ષી વિકૃતભાવ છે તે પણ આત્માના સ્વચ્છ સ્વભાવમાં નથી, તેથી તે પણ મોક્ષનું કારણ નથી. જે પોતાના સ્વભાવની જાત હોય તે મોક્ષનું કારણ થાય પણ સ્વભાવથી જે વિરુદ્ધ હોય કે ભિન્ન હોય તે મોક્ષનું સાધન થાય નહિ.

ભાઈ ! તારો આત્મા અમૂર્તિક, તેની સ્વચ્છતાનું એવું સામર્થ્ય છે કે તેના ઉપયોગમાં સમસ્ત પદાર્થો પ્રકાશમાન છે. આત્મા જડ અથવા આંધળો નથી કે પદાર્થોને ન જાણે.

અજ્ઞાનરૂપી મલિનતામાં સ્વ-પર પદાર્થો જણાતા નથી, પરંતુ સ્વ-શક્તિને સંભાળતાં જ્યાં કેવળજ્ઞાનપ્રકાશ ખીલ્યો ને સ્વચ્છતા પ્રગટી ત્યાં બધુંય તેમાં જ્ઞેયપણે ઝળકે છે. કેવળજ્ઞાનનો આકાર કેવડો? કે પોતાના દ્રવ્ય-ગુણ જેવડો.— અને તેમાં જણાય કેટલું? કે લોકાલોકના અનંત પદાર્થોના સમસ્ત આકાર તેમાં જણાય—એવી તેની અસાધારણ તાકાત છે.

અસ્પર્શ–સ્વભાવી આત્મા જડને તો નથી સ્પર્શ્યો ને તેના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય વિકારને પણ સ્પર્શ્યા નથી, તેની સાથે એકમેક થયા નથી. જેમ વજ્રમાં ખીલી ન પેસે, તેમ ચૈતન્યવજ્રમાં વિકારની ખીલી પેસતી નથી. અસ્પર્શી હોવા છતાં આત્મા નિર્ગુણ કે નિરાકાર નથી, તેનામાં ચૈતન્યસહિત અનંત ગુણો છે તથા દરેક ગુણનો આકાર અસંખ્યપ્રદેશી આત્મા પ્રમાણે છે. દરેક ગુણ ને પર્યાયનો આકાર દ્રવ્ય પ્રમાણે જ હોય છે. જોકે દ્રવ્યનો, ગુણનો ને પર્યાયનો આકાર કંઈ અલગ અલગ નથી, ત્રણેનો થઈને એક જ આકાર છે, એ ત્રણેને ક્ષેત્રભેદ નથી.

ધ્રુવધામ આત્મા પોતાની અનંત શક્તિ સહિત ને ગુણ-પર્યાયોના આકાર સહિત બિરાજે છે. તેનું ક્ષેત્ર મર્યાદિત પણ સામર્થ્ય અમર્યાદિત છે. મર્યાદિત આકારવાળી એની સ્વચ્છતામાં કોઈ અચિંત્ય તાકાત છે કે અમર્યાદિત આકાશ વગેરે પણ તેમાં જણાય છે. નિજઘરના નિધાન કેટલા મોટા છે તેની જીવને ખબર નથી. જેમ શ્રવણબેલગોલામાં ચંદ્રગિરિ પર તેમજ થૂબોનજીમાં કેટલાંક મંદિરો એવા છે કે બહારથી જુઓ તો દરવાજા સાવ નાના–માથું ભટકાય તેવા, પણ અંદર ડોકિયું કરીને જુઓ તો આહા! મોટામોટા ભગવાન બિરાજમાન હોય. તેમ નાનકડા આકારવાળા આ આત્મમંદિરમાં અંદર સ્વભાવમાં ડોકિયું કરીને જોતાં અનંત સામર્થ્યવાળો મોટો ચૈતન્યભગવાન બિરાજી રહ્યો છે જેને જોતાં જ મહાન આશ્ચર્ય અને આનંદ થાય છે. આવો ચૈતન્ય ભગવાન તારામાં જ છે. જીવો બહારની ધમાધમમાં બધો વખત કાઢે છે પણ અંદરના નિજવૈભવને નિહાળવાને માટે એક ક્ષણનો પણ વખત લેતા નથી. અરે ! જો એક ક્ષણ પણ નિજ આત્માના નિધાનને નિહાળે તો તેનો અચિંત્ય મહિમા લક્ષમાં આવે ને જગતનો મહિમા છૂટી જાય. નિજ નિધાનને નિહાળતાં જ સંસારનો વ્યય ને મોક્ષનો ઉત્પાદ થવા માંડે.

ઉપયોગની સ્વચ્છતામાં લોકાલોક ઝળકે છે તેથી તેને સાકાર કહ્યો છે પણ સાકારનો અર્થ એવો નથી કે લીમડો-પર્વત-પ્રતિમા વગેરે પરદ્રવ્યનો આકાર જ્ઞાનમાં પ્રવેશી જાય અથવા જ્ઞેય વસ્તુ જેટલી લાંબી–પહોળી–ઊંચી હોય તેટલું લાંબું–પહોળું–ઊંચું જ્ઞાન થઈ જાય. જો એમ હોય તો આ પાંચ-છ ફૂટ જેટલા આકારમાં ૫૭ ફૂટ ઊંચા બાહુબલી ભગવાનની મૂર્તિનું જ્ઞાન જ ન થઈ શકે ને અલોકને જાણવા માટે અલોક જેટલું પહોળું થવું

પડે ! પણ એમ નથી. જ્ઞાનની જ કોઈ એવી અચિંત્ય તાકાત છે કે પોતાના આત્મ-આકારે રહીને પોતાથી મોટા આકારવાળા સમસ્ત પદાર્થોને પણ જાણી લ્યે છે. જેમ જ્ઞાનમાં જ્ઞેયનો કડવો-મીઠો રસ આવી જતો નથી તેમ જ્ઞાનમાં પરનો આકાર પણ આવતો નથી; જેમ જ્ઞાન પોતે અરસ રહીને રસ જાણે છે, અરાગી રહીને રાગ જાણે છે, તેમ જ્ઞાન પોતે સ્વ-આકાર રહીને પરના આકારને જાણે છે. અહો ! જ્ઞેયોને જાણવા છતાં જ્ઞાનની કેવી નિરપેક્ષતા ! પરજ્ઞેયોને જાણતાં પોતે તે જ્ઞેયોમાં ભળી જતું નથી, જુદું ને જુદું નિજસ્વરૂપમાં રહે છે. જ્ઞાન 'સાકાર' છે એનો અર્થ એટલો કે તે સ્વ-પરનું પ્રકાશક છે. જ્ઞાન સિવાય બીજા કોઈમાં સ્વ-પરના ભિન્નભિન્ન આકારોને પ્રકાશવાની તાકાત નથી.

આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેના પ્રદેશો એક છે. અસંખ્યપ્રદેશી ક્ષેત્રરૂપ આત્માનું જે સ્વઘર તેની મર્યાદા કેટલી ને તેમાં કેવો વૈભવ ભર્યો છે તેનું આ વર્ણન છે. સ્વઘરમાં આવ્યા વગર સુખ ક્યાંથી થાય? તે માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સ્વચતુષ્ટયથી આત્માને ઓળખવો જોઈએ. એ રીતે જ્ઞાનમાત્ર આત્માને લક્ષગત્ કરીને અનુભવમાં લેતાં તેની સ્વચ્છતા એવી પ્રગટે છે કે લોક-અલોકના સમસ્ત પદાર્થો તેમાં જણાય અને છતાં તેમાં મલિનતા થાય નહિ.

જુદી જુદી શક્તિઓનું વર્ણન કરવામાં ગુણભેદ તો પડે પણ તે ભેદનું કાંઈ પ્રયોજન નથી, અનંતગુણના વૈભવવાળો અભેદ આત્મા સમજાવવાનું પ્રયોજન છે. આ વાત આઠમી ગાથામાં કહી ગયા છે; દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદથી આત્માનું કથન કર્યું ત્યાં તે ભેદનો વિકલ્પ અનુસરવા લાયક નથી, પણ અભેદ આત્માનો અનુભવ કરવાનો છે. તે અભેદ બતાવવા માટે જ ભેદ પાડીને ઓળખાવ્યું છે. ભેદ પાડનારને તે વખતે જ લક્ષમાં છે કે મારે આ ભેદનું અવલંબન કરાવવું નથી પણ અભેદ આત્મા બતાવવો છે ને તે ઉપદેશકના આશય અનુસાર શિષ્ય પણ તેવા અભેદ આત્માને લક્ષમાં લઈને અનુભવે છે;—તે જ ખરો શિષ્ય ને તે જ ખરો શ્રોતા છે. તેમ અહીં એકેક શક્તિ અનંત શક્તિવાળા આખા આત્માને પ્રસિદ્ધ કરે છે. જ્ઞાન-દર્શન-સુખ વગેરે ગુણભેદથી વર્ણન કરવા છતાં કાંઈ ગુણભેદનું અવલંબન નથી, અનંતધર્મવાળો આત્મા જ અવલંબવા જેવો છે, તેના જ અવલંબને સમ્યગ્દર્શનાદિરૂપ સ્વચ્છતા પ્રગટે છે. એકસાથે અનંતા ગુણમાં સ્વચ્છતાનું પરિણમન થવા માંડે છે, તેનું નામ ધર્મ છે. અનંતગુણથી ભરેલા આખા આત્મસ્વભાવનું અવલંબન તે મૂળવસ્તુ છે, તે જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો ઉપાય છે ને તે જ ઉપાયવડે ચૈતન્યદર્પણની પૂર્ણ સ્વચ્છતા ખીલીને લોકાલોક સહજપણે તેમાં ઝળકે છે. તેથી એવા કેવળજ્ઞાનને જગતનું મંગલદર્પણ કહ્યું છે. સ્વચ્છત્વશક્તિનું વર્ણન સમાપ્ત. (ક્રમશઃ)✶



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભકિતપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—"આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે"—આમાં શું કહેવાનું છે?

સમાધાન :—જે જ્ઞાનના ભેદ છે તેને ગ્રહણ નહિ કરતાં એક જ્ઞાનમાત્ર જ્ઞાયક છે તેને ગ્રહણ કરવો. સૂર્યના પ્રકાશનાં કિરણો જે હીનાધિકતાવાળાં છે તે કાંઈ મૂળ સૂર્ય નથી. તેમ કર્મના નિમિત્તે પાંચ ભેદ–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન દેખાય છે પણ તે મૂળ તળ નથી, મૂળ તળ તો જ્ઞાયક છે. તે જ્ઞાયકને ગ્રહણ કરવો–જ્ઞાનપદને ગ્રહણ કરવું. "આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે" મતિ–શ્રુત આદિ ભેદો છે, પણ તેનું મૂળ શું છે? પ્રકાશનાં કિરણો બધા દેખાય પણ આખો સૂર્ય ક્યાં છે? તે સૂર્યને ગ્રહણ કરવા જેવો છે. જે કિરણો દેખાય છે તેની પાછળ આખું અસ્તિત્વ શું છે? તેમ આ પાંચ ભેદની પાછળ જે આખી જ્ઞાયકતા ભરેલી છે–ચૈતન્યતા ભરેલી છે–તેને ગ્રહણ કરવાની છે.


પ્રશ્ન :—આપ વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાનું કહો છો તો તે અભ્યાસ કઈ રીતે કરવો?

સમાધાન :—પોતાને બહારમાં શરીર પ્રત્યે, વિભાવ પ્રત્યે એકત્વબુદ્ધિ છે, ત્યાંથી એકત્વબુદ્ધિને તોડીને વારંવાર હું ચૈતન્ય છું, જ્ઞાયક છું તેમ થવું જોઈએ. તે વારંવાર ક્યારે થાય? કે એટલી અંદરની લગની લાગી હોય, જરૂરિયાત લાગી હોય તો થાય. અનાદિની એકત્વબુદ્ધિ છે તેને તોડીને વારંવાર હું ચૈતન્ય છું, ચૈતન્ય છું તેમ શરૂઆતમાં વિકલ્પરૂપે થાય છે. સહજધારા થાય ત્યારે યથાર્થ પરિણમન થાય છે, પણ ત્યાં સુધી ભાવનારૂપે વિકલ્પ હોય છે.

બહારમાં ક્યાંય ચેન ન પડે, એકત્વબુદ્ધિ વખતે પણ ચેન ન પડે તો પોતાને શોધીને પોતાનો આશ્રય ગ્રહણ કરે. તે ન થાય ત્યાં સુધી શ્રુતનું ચિંતવન કરે, દેવ-શાસ્ત્ર-ગુરુમાં ચિત્ત લગાવે, તે વિચાર કરે કે હું ચૈતન્ય છું, ચૈતન્ય છું, પણ તે ભાવનામાં

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૩ ઉપર)

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત






# છઢાળા અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૩ (કુલ માર્ક્સ-૫૦)

**અભ્યાસ ક્રમ – છઢાળા : ત્રીજી ઢાળ**

---

પરીક્ષાર્થીનું નામ : .................................................... ઉંમર : ..........
મંડળનું નામ : ................................................ ગામનું નામ : ...............
ફોન નં.: .................................................... તા. ૨૫-૦૮-૨૦૧૨

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોનં ઉત્ત્ર છઢંળં અંઘંરિતં અંપ્વંનં રહેશે.

---

પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના ઉત્તર કડી સાથે લખો. (૧૨)

(૧) આત્માના હિત(સુખ)નું સ્વરૂપ શું છે? તે કોને છે? અને શું કરવાથી પ્રાપ્ત થાય છે?
(૨) ગ્રંથકારે આત્માના ક્યા ક્યા પ્રકારો બતાવ્યા છે?
(૩) ગ્રંથકારે અજીવનું શું લક્ષણ બતાવ્યું છે? અજીવ દ્રવ્યો કેટલાં અને કયા કયા છે?
(૪) ગ્રંથકારે ત્રીજી ઢાળમાં મોક્ષમાર્ગના ક્યા અંગનું વર્ણન કર્યું છે?
(૫) ગ્રંથકારે અંતરાત્માના કેટલા અને ક્યા પ્રકારો બતાવ્યા છે?
(૬) ગ્રંથકારે નિશ્ચયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની શું પરિભાષા આપી છે?
(૭) મોક્ષમાર્ગનું કેટલા અને ક્યા ક્યા પ્રકારે કથન કરવામાં આવે છે?
(૮) સમ્યગ્દર્શનના આઠ અંગ ક્યાં ક્યાં છે?

પ્રશ્ન : ૨ નીચે આપેલ શબ્દોમાંથી કોઈપણ છ શબ્દોના અર્થ વધુમાં વધુ બે લીટીમાં સમજાવો. (૧૨)

(૧) બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા (૪) આસ્રવ (૫) નિર્જરા
(૬) મધ્યમ અંતરાત્મા (૭) મોક્ષ (૮) નિર્વિચિકિત્સા (૯) ઉપગૂહન

પ્રશ્ન : ૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નના ઉત્તર વધુમાં વધુ પાંચ લીટીમાં લખો. (૧૫)

(૧) પાંચ અજીવ દ્રવ્યોના નામ અને તેમની વ્યાખ્યા (લક્ષણ) સમજાવો.
(૨) ગ્રંથકારે વ્યવહારનયથી સમ્યક્દર્શનનું સ્વરૂપ કઈ રીતે સમજાવ્યું છે?
(૩) સમ્યક્ત્વ ક્યા પચીસ દોષોથી રહિત હોય છે.
(૪) આઠ મદનું સ્વરૂપ સમજાવો.
(૫) ગ્રંથકારે જઘન્ય અંતરાત્મા કોને કહ્યો છે? તેનું સ્વરૂપ વર્ણવો.

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૩ ઉપર)

## An Eminent Jain Scholar Mr. Atul Kamdar's Visit U.S.A.

## Schedule 2012

| S. No. | Date | City | Contact |
|---|---|---|---|
| 1. | Sept 18 - Oct 03 Tue - Wed | Tampa, Florida **(Das Laxan Dharma Parva &** Lecture series at Jain Center, Tampa) | Devang Shah 813-857-3607 Dr. Rakesh Shah 727-942-8370 Dr. Siddharth Shah 727-457-0555 |
| | Oct 04 – 09 Thu - Tue | Las Vegas (Nevada) Jain Study Circle | Atul Gandhi 702-526-7000 |
| 2. | Oct 10 Wed | Leaving for India (Mumbai) | |

For further information, please contact :

**Samir Shah,**

Vice President : Jain Swadhyay Mandir Songadh (USA)

Phone : 813-649-8979 / Cell : 813-785-2096 Email : samirmrr@yahoo.com

## An Eminent Jain Scholar Mr. Subhash Sheth's Visit U.S.A.

## Schedule 2012

| S. No. | Date | City | Contact |
|---|---|---|---|
| 1. | Sept 18 - Sept 29 Tue - Sat | Houston, TX **(Das Laxan Dharma Parva at Jain Center, Houston)** | Parag Shah 281-679-1020 Priti B. Sheth 281-980-6404 |
| | Sept 30 Oct. 03 Sun - Wed | Washington DC (Washington DC Dulles Airpot) **(IAD)** or (Washington DC Regan Airpot) **(DCA)** | Ranjana Talak Shah 301-340-8887 |
| 2. | Oct 04 Oct 10 Fri - Wed | New York, NY Airport JFK or LaGuardia (LGA) | Susmita Mehta 718-225-2929 710-470-7050 |
| | Oct 11 Thurs | Leaving for Mumbai, India | |

For further information, please contact :

**Samir Shah,**

Vice President : Jain Swadhyay Mandir Songadh (USA)

Phone : 813-649-8979 / Cell : 813-785-2096 Email : samirmrr@yahoo.com

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

# વૈરાગ્ય સમાચાર :–

ઘાટકોપરનિવાસી (હાલ-સોનગઢ) શ્રી નવનીતભાઈ ભૂપતલાલ દોશી (-તે બ્ર. શ્રી તારાબેન દોશીના મોટાભાઈ) (વર્ષ-૮૪) તા. ૭-૫-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૨૩ વર્ષોથી નિવૃત્તિપૂર્વક સોનગઢ સ્થાયી નિવાસ કરીને રુચિપૂર્વક તત્ત્વનો ખૂબ લાભ લેતા હતા. ઘાટકોપર મંડળમાં કમિટિ મેમ્બર તરીકે ઘણા વર્ષો સેવા આપી હતી. સોનગઢ ભોજનાલયમાં પણ ઘણા વર્ષો સુધી સેવા આપી હતી.

નાઈરોબીનિવાસી સુશીલાબેન રમેશભાઈ શાહ (વર્ષ-૬૮) તા. ૧૯-૬-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા. નાઈરોબી મંડળની દરેક પ્રવૃત્તિઓમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક નિયમિત લાભ લેતા હતા.

મોરબીનિવાસી હાલ સિકંદરાબાદ સ્વ. શ્રી ફૂલચંદભાઈ દોશીના જ્યેષ્ઠ પુત્રવધૂ અને રાજકોટનિવાસી સ્વ. શ્રી છબીલભાઈ વારીયાના સુપુત્રી ગં. સ્વ. શ્રી ઇન્દિરાબેન હસમુખલાલ દોશી (વર્ષ-૭૨) તા. ૩-૮-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

સોનગઢનિવાસી ડૉ. મધુરીબેન નંદુના માતુશ્રી સ્વ. શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ નંદુ (વર્ષ-૮૩) તા. ૨૫-૮-૨૦૧૨ના રોજ મુંબઈ મુકામે શાંતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ રાગ તો ઠીક પરંતુ એને જેટલો ક્ષયોપશમનો અંશ છે એટલો હું છું એમ એની સાથે એકતા વર્તે છે એ પણ મિથ્યાત્વ છે. ૬૨૩.

❀ આત્મામાં વિકાર થવાનો કોઈ ગુણ નથી, પુદ્‌ગલમાં કર્મરૂપ થવાનો કોઈ ગુણ નથી. પુદ્‌ગલ સ્કંધ થઈને અદ્ધરથી જ કર્મરૂપે પરિણમે છે અને આત્મામાં વિકારરૂપ પરિણમન અદ્ધરથી જ ઉત્પન્ન થાય છે. ૬૨૪.

❀ જ્ઞાની કહે છે કે જેણે પછી કરીશું, પછી કરીશું—એવો અભ્યાસ (-વાયદો) જેણે કરી રાખ્યો છે તેને મરણ વખતે પણ પછી જ રહેવાનું છે; કારણ કે જેણે પછી....પછીનો સિદ્ધાંત કરી નાખ્યો છે તેને પછી પછીમાં 'હમણાં કરું' એવું નહિ આવે. અને જ્ઞાનીને તો એમ થાય છે કે આ શરીર છૂટવાના સમયે ઘણું જોર પડશે; તો તેમાં જેટલું જોર પડશે તેટલું જોર આત્માનું પણ તેની સામે જોઈશે. માટે જ્ઞાનીને એમ થાય છે કે મારા ભાવને આ ક્ષણે તૈયાર કરું. 'આ પળે તૈયાર કરું' એવો અભ્યાસ જેણે પાડી રાખ્યો છે તેને મરણ વખતે 'આ પળ જ' આવી જશે. ૬૨૫.

❀ ભાઈ! બહારમાં સંયોગોનો ત્યાગ થયો તેમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો? બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય અને કષાય મંદ હોય એનું પણ લક્ષ છૂટી જાય અને તારો પર્યાય ચૈતન્યને પકડીને પરિણમે એ મિથ્યાત્વનો ત્યાગ એ ખરો ત્યાગ છે. ૬૨૬.

❀ અહોહો! આ સર્વજ્ઞ, આ કેવળી, આ મોક્ષ એમ જેને બેસી જાય તો એને બંધનની રુચિ છૂટી જાય. ૬૨૭.

❀ વાંચવું, સાંભળવું આદિ બહારથી બધું કરે પણ એનાથી શું? એને પોતાથી અંદરથી હા આવવી જોઈએ કે રાગ તે હું નહિ અને જ્ઞાયકસ્વરૂપ ધ્રુવવસ્તુ તે જ હું એમ એના અસ્તિત્વની અંદરથી હા આવે. હા એટલે સ્વભાવની પ્રતીત કરીને હા આવે ત્યારે એના કલ્યાણની શરૂઆત થાય. ૬૨૮.

❀ દરિયાની મધ્યમાં વડવાગ્નિ હોય છે પણ દરિયો એને ભિન્નપણે રાખે છે, દરિયો પોતાને ચૂસવા ન દ્યે. તેમ ચૈતન્યદરિયો રાગાદિને ભિન્ન રાખે છે, એકરૂપ થવા દેતો નથી. ૬૨૯.

આત્મધર્મ
સપ્ટેમ્બર-૨૦૧૨
અંક-૧ ❀ વર્ષ-૭

**Registered Regn. No. BVR-367/2012-2014**
**Renewed upto 31-12-2014**
**RNI Registration No. GUJGUJ/2006/18667**
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ❀ આ જાણનાર જ હું છું ❀

ભાઈ! તું તો સર્વજ્ઞસ્વરૂપી છો. જે સર્વજ્ઞ થયા તે પણ સર્વજ્ઞસ્વભાવી હતા તેથી થયા છે. સ્વભાવ કાંઈ બહારથી આવતો નથી. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જેમ છે તેમ જાણવાનો મારો સ્વભાવ છે એવી દૃષ્ટિ ક્યારે થાય? કે જેની દૃષ્ટિ નિમિત્તથી ઊડી જાય, રાગથી ઊડી જાય અને એક સમયની પર્યાયથી ઊડી જાય. વીતરાગમાર્ગમાં બતાવેલ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સર્વજ્ઞની પ્રગટ થયેલી પર્યાયનો નિર્ણય પોતાના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થાય ત્યારે જ આવે છે. 'આ જાણનાર જ હું છું' એવો અનુભવ થાય અને જ્ઞાતા-દૃષ્ટા થાય તેને સમકિત થાય. બાકી, એ વિના કોઈ ક્યાંક અટકે છે તો કોઈ બીજે અટકીને ચાર ગતિમાં ભટક્યા કરે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

દોષ ન ગહિયો કોઈ, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય અર્થ વિચારી જુ શોધિયો.

**જાણ્યે–અજાણ્યે જે કાંઈ અપરાધ થયો હોય તે સર્વની આત્મધર્મ–પરિવાર ક્ષમા માગે છે.**

—સંપાદક

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**